# જિલ્લામાં ઘઉંના ખેતરોમાં ઝોલા ખાતા વીજતારથી પાકમાં આગનું જોખમ

## ઘઉંનો પાક તૈયાર થતાં ખેડૂતોની ઉંઘ ઉડી : વીજતંત્રની બેદરકારીથી દર વર્ષે ઘઉંના ખેતરોમાં આગના બનાવ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઘઉંનો પાક તૈયાર થતાં ખેતરોમાં ઝોલા ખાતા હાઈટેન્શન વીજતારથી આગનું જોખમ ઉભું થયું છે. લાઈન મેન્ટેઈનન્સના નામે ધુપ્પલ ચલાવાયું હોવાથી ઘઉંના પાકમાં સંભવિત આગ લાગવાના બનાવથી ખેડૂતોની ઉંઘ ઉડી છે. દરવર્ષે ઘઉંની સીઝનમાં વીજતંણખા ઝરવાથી ઘઉંના પાકમાં આગ લાગવાના અસંખ્ય બનાવો બનતા હોવા છતાં વીજતંત્રની બેદરકારીના કારણે ખેતરોમાં હજુયે વીજતારનું સમારકામ થયું નથી જેથી સામાન્ય પવનમાં વીજતણખા ઝરે તેવી સ્થિતિથી ખેડુતોના જીવ તાળવે ચોંટ્યા છે. ગત વર્ષે બંને જિલ્લામાં વીજતારથી ઘઉંના ખેતરોમાં આગ લાગવાના ૨૦થી પણ વધુ બનાવોમાં ઘઉંનો ઉભો પાક હોમાઈ ગયો હોવા છતાં વીજતંત્ર તમાસો જોવા બેઠું હોય તેવી સ્થિતિ છે.

વીજતંત્રની લાપરવાહીના કારણે કરંટ લાગવાના બનાવ ચોમાસામાં વધી જતાં હોય છે શોર્ટસરકીટથી આગ લાગે તો તંત્ર હંમેશાં જવાબદારી સ્વીકારવાથી હાથ ઉંચા કરી નાખતું હોય છે. બંને જિલ્લામાં વીજતંત્ર દ્વારા મેન્ટેઈનન્સ માટે વીજ પુરવઠો બંધ



કરવાના દેખાડા થતા હોય છે પરંતુ કામગીરી કાગળ ઉપર આટોપી બોગસ બીલો રજુ કરાતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. દર વર્ષે ઘઉંની સીઝનમાં ખેતરોમાં સંખ્યાબંધ આગના બનાવ છતાં તંત્ર દ્વારા કોઈ ગંભીરતા લેવામાં આવતી ન હોવાથી ખેતરોમાં ઉભો ઘઉંનો પાક હાઈટેન્શન વીજ તારના તણખા ઝરવાથી ભસ્મીભૂત થઈ જાય છે. જિલ્લામાં હાલ ખેતરોમાં ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે પરંતુ ઝોલા ખાતા વીજતાર ખેંચવામાં આવ્યા ન હોવાથી સામાન્ય પવનમાં બે તાર અરસપરસ ભેગા થઈ જવાથી ખેતરોમાં અંગારા પડવા લાગ્યા છે. આગામી સમયમાં પવનનું જોર વધવાથી ઘઉંના ખેતરો વીજતારમાં સ્પાર્ક થવાથી આગમાં લપેટાવાની દહેશત છે. અસંખ્ય ખેતરોમાં ઘઉંના પાક ઉપર વીજતારથી આગનું જોખમ રહેલું છે જેના કારણે ખેડૂતોની ઉંઘ ઉડી છે. ગત વર્ષે પણ વીજતંત્રની હાઈટેન્શન વીજતાર ન ખેંચવાની દેખીતી આળસના કારણે ઘઉંના ખેતરોમાં આગ લાગવાથી ખેડૂતોનો તૈયાર પાક સળગી ગયો હતો ત્યાં વર્તમાન સીઝનમાં ઘઉંના ખેતરોમાં ઝૂલતા વીજતરાથી સામાન્ય તણખો પણ મોટી હોનારત સર્જે તેવી ચિંતા ખેડૂતોને સતાવી રહી છે.

## એલ.સી.બી. પોલીસની ગાડી ખસેડવાનું કહેવું, લશ્કરી જવાનને ભારે પડ્યું : પિધેલાનો કેસ કર્યો

સાઠંબા તા.૨૨

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ખોડાના વતની જવાન મનોવરસિંહ વજેસિંહ સોલંકી છેલ્લા વીસ વર્ષથી બી.એસ.એફ માં ફરજ બજાવે છે,અને તેઓ ત્રીસ દિવસની રજા ઉપર તા.૧૬/૦૨/૨૦૨૧ ના રોજ કલકત્તાથી પોતાના વતન ખાંડા આવ્યા છે, ત્યારે ઘરે આવ્યાના બીજા દિવસે તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ બપોરના બે કલાકે તેઓ પોતાની અલ્ટો કાર લઈને સાઠંબામાં આવેલી બરોડા ગ્રામીણ બેંકમાં કામ અર્થે આવ્યા હતા,ત્યાર બાદ તેઓ બેંકનું કામ પતાવી પોતાની કાર લઈને નીકળતાં બાજુમાંજ આવેલી ગોકુલ હોટલ આગળ અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસની ગાડી વચ્ચે મુકેલ હોઈ તેમણે એલ.સી.બી. પોલીસના કર્મચારીઓને ગાડી થોડી સાઈડમાં ખસેડવાનું કહેતાં, એલ.સી.બી.પોલીસ સ્ટાફના માણસો તેમને સાઠંબા પોલીસ સ્ટેશનમાં લઈ ગયા હતા અને ત્યાં પોલીસ સ્ટેશનમાં સાઠંબા પોલીસ મથકના એક જમાદાર તેમજ પોલીસ સ્ટેશનમાં હાજર એક મહિલા પોલીસ અધિકારી તેમજ એલ.સી.બી.પોલીસના હમણાં તાજેતરમાં જ દારૂના કેસમાં સસ્પેન્ડ થયેલા અન્ય બે કર્મચારી ભાન ભૂલી ઉશ્કેરાઈને તું પોલીસની ગાડી સાઈડમાં કરવાનું કહે છે, તેમ કહી અપશબ્દો બોલી ધોલ ધપાટ કરી હતી, ત્યાર બાદ તેઓને બાયડ ખાતે પી.એચ.સી.સેન્ટરમાં લઈ જઈ લોહીનો ટેસ્ટ કરાવી તેમના પર દારૂ પીધેલાનો ગુન્હો દાખલ કરી,પછી જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના ક્રમ દરમિયાન બી.એસ.એફ જવાને ઓળખપત્ર બતાવતાં ઓળખ પત્રની ચેન પણ તોડી નાખી હતી.



### દેશની રક્ષા કરતાં જવાનને ન્યાય મળશે ?

બી.એસ.એફ જવાન ઉપર લગાવેલા દારૂ પીવાના આરોપ વિશે તેમણે જણાવ્યું હતું, કે તેઓ આગળના દિવસે જ ફરજ પરથી રજા લઈ ઘરે આવ્યા હતા અને તે દિવસે તેમણે ડ્રીંક કર્યું હતું અને તેમણે બી.એસ.એફ માં ફરજ દરમિયાન તેમજ ઘરે આવ્યા પછી પણ મર્યાદામાં દારૂ પીવાની છુટ હોય છે માટે લોહીમાં આલ્કોહોલનું આવવું તે સામાન્ય બાબત છે,પરંતુ જ્યારે આ ઘટના બની ત્યારે તેઓ દારૂના નશાની હાલતમાં ન હતા,અને તેઓ ક્યારેય ડ્રાઈવ દરમિયાન કે જાહેરમાં દારૂ પીતા નથી તેમના પર કિન્નાખોરી રાખી એલ.સી.બી પોલીસ દ્વારા ખોટી ફરિયાદ કરવામાં આવી છે.

## પ્રાંતિજના સીતવાડા ખાતે પાટોત્સવ યોજાયો

## શ્રી કેશર ભવાની ચેહર માતાનો ૧૬મો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ખાતે આવેલ શ્રી કેશર ભવાની ચેહર



માતાજીના મંદિરનો ૧૬મા પાટોત્સવની ધામધૂમ ઉજવણી કરવામા આવી હતી.

પ્રાંતિજના બોરીયા સીત વાડા ખાતે આવેલ શ્રી કેશર ભવાની ચેહર માતાજી મંદિર ખાતે ૧૬મો પાટોત્સવ રંગે ચંગે ઉજવવામાં આવ્યો. આ અને યજ્ઞમાં આઠ યજમાનોએ ભાગ લીધો હતો. તેમાં મુખ્ય યજમાન તરીકે જગતસિંહ ભવાનસિંહ રાઠોડે ભાગ લીધો હતો. તો હવન, આરતી, સહિતના કાર્યક્રમો દિવસ દરમ્યાન યોજાયા હતા. જેમા બોરીયા સિતવાડા ગામજનો સહિત આજુબાજુમાંથી ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતા અને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી પાટોત્સવમાં ભોજન સમારંભના દાતા સોમસિંહ રાઠોડ અને રજુસિંહ અને અરવિંદસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યો હતો. તો મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુદર આયોજન કરવામા આવ્યુ હતુ.

## ઉત્તર ગુજરાતમાં ઈંધણના ભડકે બળતાં ભાવથી હવે, જીવન આવશ્યક ચીજવસ્તુઓ મોંઘી

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૨

ઉત્તર ગુજરાતમાં ઈંધણના ભાવવધારાથી વાહનચાલકોમાં હોબાળો મચ્યો છે. પેટ્રોલ-ડિઝલના ભાવ નિયંત્રણમાં ન રહેતા પરિવહન મોંઘુ થતાં તેની સીધી અસર જીવન આવશ્યક ચીજવસ્તુઓ ઉપર થઈ છે. શાકભાજી, રાંધણગેસ, કરીયાણા સહિતની રોજીંદી જરૂરીયાતોની કિંમતમાં વધારો થવા લાગતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની હાલત કફોડી થઈ છે. ઈંધણમાં રોજ ભડકે બળતાં ભાવથી મોંઘવારી બેકાબૂ બનતાં પ્રજા ત્રાહિમામ પોકારી રહી છે.

**પરિવહન મોંઘુ થતાં ચીજવસ્તુઓના વધતા ભાવ : પ્રજા મોંઘવારીથી ત્રાહિમામ**

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં રાજકીય પક્ષોએ કોરોના અને મોંઘવારીથી પ્રજાનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કર્યો છે. ઈંધણના વધતાં જતા ભાવથી ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો માટે કપરા દિવસો શરૂ થયા છે. ઉત્તર ગુજરાતમાં ફુગાવો કાયમને માટે ઘર કરીને બેસી ગયો છે અને તેમાંય બજેટ રજુ થયા પછી વેપારીઓને વધુ ભાવ વસુલવાનું બહાનું મળ્યું છે ત્યાં હવે પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો થતાં તેની સીધી અસર જીવન આવશ્યક ચીજવસ્તુઓ ઉપર થવા લાગી છે. પેટ્રોલ-ડિઝલની કિંમતમાં થયેલ વધારા પછી પરિવહન મોંઘુ થયું છે જેથી જીવન જીવવા માટે મહત્વની જરૂરીયાતોના ભાવો હવે વધવા લાગ્યા છે. વધતી મોંઘવારીથી સુખી સંપન્ન પરિવારોને કોઈ ફરક પડતો નથી પરંતુ ૫ જિલ્લામાં વસતા મધ્યમ વર્ગના પરિવારોને ઈંધણનો ભાવ વધારો સીધો અસર કરી રહ્યો છે.

કોરોનાના કપરા કાળમાં પ્રજાએ માંડ રાહતનો શ્વાસ અનુભવ્યો છે ત્યાં વર્તમાન સમયમાં મોંઘવારી બેકાબૂ બની છે. ઈંધણના ભાવ વધારાથી જીવન જરૂરી ચીજોમાં પણ સતત વધારો થવા લાગ્યો છે જેના કારણે આગામી સમયમાં મોંઘવારીના આકરા ડોઝ માટે પ્રજાએ માનસિક રીતે અત્યારથી સજ્જ રહેવું પડે તેવું લાગી રહ્યું છે. મોંઘવારીના મારથી આમપ્રજાનું જીવન મુશ્કેલ ભર્યુ બની રહ્યું છે છતાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં સ્થાનિક વિકાસના પ્રશ્નોને આગળ ધરી પ્રજાનું મોંઘવારીથી ધ્યાન હટાવવાનો પ્રયાસ રાજકીય પક્ષો ભલે કરતા હોય પરંતુ જે રીતે જીવન ગુજારો કરવા માટે ઉપયોગી ચીજવસ્તુઓમાં બેફામ ભાવ વધારાથી આમ નાગરિક દાઝી રહ્યો છે. પેટ્રોલના ભાવ પ્રતિ લિટરે ૮૮.૧૧ રૂપિયા અને ડિઝલનો ભાવ ૮૭.૫૬ રૂપિયા સુધી વધી રહ્યો છે જેનાથી પરિવહન મોંઘુ થયા બાદ તમામ ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે.

## અરવલ્લી જિલ્લાના ૧૦૦ કરતાં વધુ ગામોમાં મતદાન જાગૃતિના શપથ લેવડાવ્યા

બાયડ તા.૨૨

મારો મત મારી શક્તિ, મારો મત નિર્ણાયક મત રાજ્ય ચૂંટણી પંચ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યમાં અમલી જી.ફ.છઁ..મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી, અરવલ્લીના સીધા માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લા આયોજન સરકારશ્રી દ્વારા આ બાબતે બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન તેમજ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય અને માસ્ક તેમજ સેનિટાઈઝરના ઉપયોગ થાય, સોશીયલ ડીસ્ટન્સની જાળવણી સાથે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય તેની ખાસ કાળજી રાખવા મતદારોને અનુરોધ કરવામાં આવી રહ્યો છે. ગરીમા જાળવીશું. તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું તેવા શપથ મતદારો પાસેથી લેવડાવવામાં આવ્યા.

જિલ્લાના ગામડાઓમાં પ્રવાસ કરી વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદારોને મતદાનનું



અધિકારી દ્વારા જિલ્લાના ૧૦૦ કરતાં પણ વધારે ગામોમાં વધુમાં વધુ મતદાન થાય તે માટેના મતદાન જાગૃતિ અભિયાનો હાથ ધરવામાં આવ્યા છે.

આગામી તા.૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ સ્થાનિક સ્વરાજ્યના એકમોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. લોકશાહીના આધારસ્તંભ સમાન આ ચૂંટણીમાં જે-તે વિસ્તારના તમામ મતદારો ભાગ લે તે બાબતે રાજ્ય ચૂંટણી આયોગ પ્રયત્નશીલ છે. તાજેતરની કોવિડ-૧૯ મહામારી અંતર્ગત ભારત સરકાર, ગુજરાત

વધુમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યના એકમોની આગામી ચૂંટણી પ્રક્રિયામાં સહભાગીતા વધે તે માટે વધુમાં વધુ નાગરિકો મતદાન કરે તે માટે મતદાર જાગૃતિ અભિયાન-‘જીફછઁક્ષ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે. જે અંતર્ગત મતદારોએ પ્રતિજ્ઞા લેવાની થાય છે કે અમે ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની મહત્વ સમજાવી મતદારોને એક જવાબદાર નાગરિક તરીકે આગામી ચૂંટણીમાં મતદાન કરીને ગ્રામ, તાલુકા, જિલ્લા, સમગ્ર રાજ્ય સહિત સમગ્ર રાષ્ટ્રના વિકાસમાં તેમજ સમગ્ર રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનવા અને સમગ્ર વિશ્વમાં ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશનું ગૌરવ વધારવાનો અનુરોધ અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી શ્રી સુરેન્દ્રસિંહ ડાભી દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ કામગીરીની સમગ્ર જિલ્લાના ગામોમાં પ્રસંશા થઈ રહી છે.

## “જર, જમીન અને જોરુ ત્રણેય કજિયાનાં છોરુ” કહેવતને ઉજાગર કરતો કિસ્સો

હિંમતનગર, તા.૨૧

"જર ,જમીન અને જોરુ ત્રણેય કજિયાનાં છોરુ" કહેવત ને ઉજાગર કરતો કિસ્સો સાબરકાંઠા જિલ્લાના વડાલી ગામમાંથી પ્રકાશમાં આવ્યો છે જેમાં વડાલી ગામમાં એક શખ્સને ખેતરમાં ટ્રેક્ટર થી ઘઉ ભાગવા જેવી નજીવી બાબતે એક જ પરિવારના સદસ્યોએ ભેગા મળી ગાળાગાળી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા વડાલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગત રોજ રવિવારે આશરે આઠેક વાગ્યાના સમયગાળા દરમિયાન વડાલી ગામમાં થુરાવાસમા રહેતા અર્જુન ભાઈ ચંદુભાઈ મકવાણાના ઘર આગળ આવી ગામમાં જ રહેતા એક જ પરિવારના સદસ્યો દ્વારા "તું ખેતરમાં ટ્રેક્ટર થી ઘઉ ભાગેલ છે તે બાબતે કેમ ફોન ઉપર ઠપકો કરતો હતો " તેમ કહી અર્જુનભાઈ ને માં - બેન સામે ગાળો બોલી ગડદાપાટુનો મારમારી "જમીન વેચી દેજે અથવા રસ્તો આપી દેજે ’ તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા અર્જુનભાઈ એ વડાલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે એક જ પરિવારના છ સદસ્યો વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ઈડરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રચારમાં પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરાએ કમાન સંભાળી

બાયડ, તા.૨૨

જિલ્લામાં તાલુકા અને જિલ્લા પંચાયત પર સત્તા મેળવવાજોર શોરથી પ્રચાર ચાલુ કરી ગામડાઓમાં મતદારો વચ્ચે જતા ભાજપના ઉમેદવારોને સામુહિક અને સમાજ વાઈઝ લોકોની વિકાસ લક્ષી કામોની માંગો અને અપેક્ષાઓની વાતો, સ્થાનિક વિકાસના પ્રશ્નોના ઝડપી નિકાલ માટે ઈડર વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય લોકો વચ્ચે આવે તેવી રજૂઆતોના પગલે ઉમેદવારોએ રમણભાઈ વોરા પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ સિનિયર કેબિનેટ મંત્રી તથા પૂર્વ અધ્યક્ષ વિધાનસભાને પોતાના મત વિસ્તારમાં પ્રચાર અર્થે મુલાકાત લેવા ઈડર ભાજપ કાર્યાલય પર જાણ કરવામાં આવી.

જેના પગલે ઈડર વિધાનસભામાં ૨૫ વર્ષ સુધી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ગુજરાત સરકાર માં વિવિધ વિભાગના કેબિનેટ મંત્રી અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે કામ કરી ઈડર વિધાનસભા વિસ્તાના કામો ને ઝડપી ન્યાય આપી કામો પુરા કરવાની આગવી શૈલી ના કારણે ઈડર વિધાનસભા વિસ્તાનની પ્રજામાં લોકપ્રિયતા અને વિકાસ પુરુષની છાપ ધરાવતા અને વિસ્તારના વડીલો, વિકાસ કરવા તથા શૈક્ષણિક શાળા,કોલેજોના કામો નવી સાયન્સ, આઈ.ટી.આઇ જેવી કોલેજો વગેરે મુલાકાત રમનભાઈ વોરાની અવશ્ય કારાવજો જેવી માંગણીઓ ઉઠતા ઉમેદવારો તરફી પ્રચાર કરવા



આગેવાનો થી લઈ નાનામાં નાના વ્યક્તિ સાથે પરિચયમાં રહેતા જે ને લઈ ઈડર ,વડાલી ના પશ્ચિમ વિસ્તારમાં સિંચાઈ તેમજ પીવાના પાણીની સમસ્યાઓ ને પૂર્ણ કરવા તળાવ ઊંડા કરવા અને કેનાલ મારફત ધરોઈ ડેમનું પાણી સિઝન માં લોકોને સિંચાઈ માટે પૂરું પાડવાની યોજના હોય કે રોડ ,રસ્તા ના કામો થકી આ વિસ્તાર નો ઝડપી બાબતો માટે કાયમ ચિંતા કરી કામ પૂર્ણ કરેલ જેથી ઈડર વડાલી વિધાનસભા વિસ્તાર ના લોકો સાથે નો લાગણી અને હૃદયસ્પર્શી નાતો એક નેતા કરતા પોતાના છે તેવા સંબંધો જાળવી રાખેલ જે આજે સ્થાનીક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને ગામડાઓમાં પ્રચાર દરમિયાંન વડીલો અને આગેવાનો ધ્વરા અમારા ગામની રમણભાઈ વોરા દ્વારા ઈડરની ગોલવાડા, દાવડ, કેશરપુરા જિલ્લા પંચાયત બેઠકો તેમજ તેની અંદર આવતી તાલુકા પંચાયત ની બેઠકો પર અને વડાલી તાલુકાની બેઠકો ચૂંટણી પ્રચાર ચાલુ કરતા ભાજપના ઉમેદવારો જન સમર્થન મળી રહ્યું છે, અને ભાજપ તરફી મતદાન થશે તેવું આ વિસ્તાર ના લોકો જણાવી રહ્યા છે.

## જિલ્લાના માર્કેટયાર્ડોમાં રવી ઉત્પાદનની આવકો શરૂ

બાયડ, તા.૨૨

આ વર્ષે ગત ચોમાસામાં સારા વરસાદનો ફાયદો ખેડૂતોને રવી સીઝનમાં થયો છે. જળાશયોમાંથી શિયાળુ પાક માટે સિંચાઈના પાણી છોડવામાં આવતા રવી વાવેતરને લાભ મળ્યા પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેતરો રવી વાવેતરથી લહેરાઈ ઉઠયો છે. બંને જિલ્લાના માર્કેટયાર્ડોમાં થોડાંક સમય અગાઉ સૂમસામની સ્થિતિ હતી પરંતુ હવે ઘઉ, દિવેલા, મકાઈ અને રાયડાની આવક ધીરે-ધીરે શરૂ થઈ છે. રવી ઉત્પાદનોની નવી આવક શરૂ થતાં માર્કેટયાર્ડના વેપારીઓ અને શ્રમજીવીઓ હરખાયા છે . જિલ્લામાં વિષમ હવામાન અને વર્તમાન ચુંટણીઓના માહોલના કારણે પાક લણણીનું કામ ધીમી ગતિએ શરૂ થયું છે પરંતુ આગામી સમયમાં લણણીનો ધમધમાટ થવાથી પાક ઉપજથી માર્કેટયાર્ડો ઉભરાશે.

ખેડૂતોને ખેતીની દરેક સીઝનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. કમોસમી માવઠા ઉપરાંત ભેલાણના કારણે વધુ પાક ઉત્પાદનની આશાઓ ઉપર પાણી ફરીવળતું હોય છે આ વર્ષે રવી સિઝનના આરંભે વાવણીના શ્રીગણેશ કરી ખેતરોમાં ઘઉ, દિવેલા, રાયડો, મકાઈ સહિતના પાકનું વાવતેર કર્યુ હતું અને સમયસર સિંચાઈના પાણી આપવામાં આવતા ખેતીનું જોબન ખીલી ઉઠ્યું હતું પરંતુ રવી ખેતી ઉપર એકપછી એક માવઠાનો કહેર વરસતાં ઉત્પાદનને માઠી અસર થવાની ધારણા હતી મોસમ બેઈમાન બન્યા પછી પાકને અનુકૂળ ઠંડીની જમાવટ તેમજ જળાશયોમાંથી તબક્કાવાર રીતે સિંચાઈના પાણી છોડવામાં આવતા ખેતીનું ચિત્ર સુધારા ઉપર આવ્યું હતું. જિલ્લામાં રવી સિઝનની વાવણી સંપન્ન થયા પછી ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો છે.

જેથી વહેલુ વાવેતર કરનારા ખેડૂતોએ પાક લણણીની શરૂઆત કરતા જિલ્લાના બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, ભિલોડા સહિતના માર્કેટયાર્ડોમાં હવે રવી ઉત્પાદનની નવી આવકોમાં વધારો થઈ રહ્યો છે.